પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૨૦ | ૧૦ જુલાઈ, ૨૦૧૯, બુધવાર; અષાઢ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશભરના ૧૧૦ સ્થળો પર સીબીઆઈના દરોડા

**સીબીઆઈએ ભ્રષ્ટાચાર, દગાખોરી અને હથિયાર તસ્કરીના ૩૦ અલગ-અલગ કેસ નોંધ્યા : બીજી જુલાઈએ પણ સીબીઆઈએ સમગ્ર ભારતના ૧૮ શહેરોમાં ૫૦ સ્થળો ઉપર સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું**



ન્યુ દિલ્હી,તા.૯

ભ્રષ્ટાચાર વિરુદ્ધ આકરા પગલા ભરતા સીબીઆઈએ સમગ્ર દેશમાં ૧૧૦ ઠેકાણાઓ પર એક જ સાથે દરોડા પાડ્યા છે. સીબીઆઈએ ભ્રષ્ટાચાર, અપરાધિક મિસકંડકટ અને હથિયારોની ગેરકાયદેસર હેરાફેરી વગેરે ગુનાઓ વિરુદ્ધ ૩૦ મામલાઓમાં કેસ દાખલ કરવામાં આવ્યા છે. દેશના ૧૯ રાજ્યો અને કેન્દ્ર શાસિત રાજ્યોમાં દરોડા પાડવામાં આવ્યા છે. સીબીઆઈ અત્યારે દરોડા પાડવાના પૂરે-પૂરા મૂડમાં છે.

મંગળવારે દિલ્હી ઉપરાંત ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ઓડિશા, હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને બિહારમાં સીબીઆઈ દરોડા પાડી રહી છે. આ ઉપરાંત દિલ્હી, ભરતપુર, મુંબઈ, ચંદીગઢ, જમ્મુ, શ્રીનગર, પુણે, જયપુર, ગોવા, કાનપુર, રાયપુર, હૈદરાબાદ, મદુરાઈ, કોલકાતા, રાંચી, બોકારો, લખનઉ સિવાયના અન્ય કેટલાક શહેરોનો સમાવેશ થાય છે.

આ અગાઉ સીબીઆઈએ ૨ જુલાઈએ પણ ૧૮ શહેરોમાં ૫૦ ઠેકાણાઓ પર દરોડા પાડ્યા હતા. અગાઉ ૬ જુલાઈના રોજ સીબીઆઈએ સસ્પેન્ડ કરેલા ઈક્મટેક્ષ કમિશનર સંજય કુમાર શ્રીવાસ્તવના નોઈડા સ્થિત મકાન અને તેની ઓફિસ પર દરોડા પાડ્યા હતા. દરોડા અભિયાન શુક્રવારે સવારે શરૂ કરવામાં આવ્યું હતું અને શનિવાર સુધી દિલ્હી, નોઈડા અને ગાઝિયાબાદમાં ૧૩ ઠેકાણાઓ પર દરોડા પાડ્યા હતા.

૬ જૂને સીબીઆઈએ એક મોટી કાર્યવાહીમાં પૂર્વ આઈઆરએસ અધિકારી સંજય કુમાર શ્રીવાસ્તવ વિરુદ્ધ છેતરપિંડી અને બનાવટનો મામલો નોંધવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## ૮ ધારાસભ્યોના રાજીનામા કાયદાકીય રીતે યોગ્ય નથી

**૧૩ પૈકી ૮ના રાજીનામા અયોગ્ય : સ્પીકર : ૧૩ ધારાસભ્યોના રાજીનામા મંજુર થાય તો કુમારસ્વામી સરકાર અલ્પમતમાં આવશે : કર્ણાટક કટોકટી વધુ ઘેરી**



નવી દિલ્હી, તા. ૧૦

કર્ણાટકમાં જોવા મળતી રાજકીય ઉથલપાથલ વચ્ચે વિધાનસભા સ્પીકર રમેશ કુમારે કહ્યું કે ૧૩માંથી ૮ ધારાસભ્યોના રાજીનામા કાયદાકીય રીતે યોગ્ય નથી. રમેશે જણાવ્યું કે તેઓએ આ અંગે રાજ્યપાલ વજુભાઈ વાળાને જાણકારી આપી છે. તેઓએ કહ્યું, "કોઈ પણ બળવાખોર ધારાસભ્યએ મારી સાથે મુલાકાત નથી કરી. મેં રાજ્યપાલને વિશ્વાસ અપાવ્યો છે કે હું બંધારણ અંતર્ગત જ કામ કરીશ. મેં ધારાસભ્યોને મળવાનો સમય આપ્યો છે." આ પહેલાં કોંગ્રેસના નેતા સિદ્ધારમૈયાએ કહ્યું હતું કે પાર્ટી વિરોધ પ્રવૃતિઓને માટે સભ્યોની કાયદેસરતા રદ કરવી જોઈએ. ધારાસભ્યોએ ભાજપ સાથે સમજૂતી કરી લીધી છે. તેઓએ ધારાસભ્યને પાછા આવવા અને પોતાના રાજીનામા પરત ખેંચવાનો અનુરોધ કર્યો છે. તેઓએ કહ્યું કે અમે ધારાસભ્યોને અયોગ્ય જાહેર કરવા અને રાજીનામા સ્વીકાર નહીં કરવા માટે અરજી દાખલ કરવાનો નિર્ણય કર્યો છે.

# કર્ણાટક મામલે સંસદના બંને ગૃહમાં હોબાળો

**કર્ણાટક સ્થિતિ અંગે લોકસભા-રાજ્યસભા સ્થગિત કરવાની ફરજ પડી : ગૃહમાં ભાજપ પર કોંગ્રેસી ધારાસભ્યોને તોડવાનો આક્ષેપ કરવામાં આવ્યો પ્રધાનમંત્રી અને અમિત શાહ ઉપર પણ પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના આક્ષેપ**



નવીદિલ્હી, તા. ૯

કર્ણાટક કટોકટી મુદ્દે સંસદમાં જોરદાર હોબાળો જારી રહ્યો હતો. સોમવાર બાદ મંગળવારે પણ લોકસભાથી કોંગ્રેસને કર્ણાટક મુદ્દે વોકઆઉટ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, રાજ્યસભામાં પણ કોંગ્રેસ સાંસદોના હોબાળા બાદ બે વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. કોંગ્રેસે સદનમાં આરોગ્ય લગાવ્યો કે, કર્ણાટકમાં ભાજપ તેમના ધારાસભ્યોને તોડવાના પ્રયાસ કરી રહી છે. આ મુદ્દે જવાબ આપતા કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે, આમાં ભાજપનો કોઈ હાથ નથી. સોમવારે પણ રાજનાથે કોંગ્રેસના આરોપ પર જવાબ આપતા સીધા રાહુલ ગાંધી પર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, રાજીનામુ આપવાની પરંપરા તો રાહુલ ગાંધીએ જ શરૂ કરી હતી. રાજનાથે આરોપોને ફગાવતા કહ્યું હતું કે, કર્ણાટકમાં જે કંઈપણ થઈ રહ્યું છે તે કોંગ્રેસનો આંતરિક મામલો છે. તેઓ પોતાના ઘરને સંભાળી સકતા નથી અને અહીં લોકસભામાં કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાના પ્રયાસ કરી રહ્યા છે. ગૃહમાં કોંગ્રેસના નેતા અધિર રંજન ચૌધરીએ ભાજપ પર આક્ષેપ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### ટીઆરએસ નેતાનું અપહરણ

તેલંગાણા રાષ્ટ્ર સમિતિના ૪૫ વર્ષિય નેતા એન શ્રીનિવાસ રાવનું અપહરણ કરવામાં આવ્યું છે. શ્રીનિવાસ રાવના કોયુર ગાંવ સ્થિત ઘરેથી સંદિગ્ધ માઓવાદીઓએ આ ઘટનાને અંજામ આપ્યો હતો. પોલીસે તેઓને શોધવા માટે ટીમ કામમાં લગાડી દીધી છે.

### સાંસદો મતવિસ્તારમાં પદયાત્રા કરે : મોદી

દિલ્હીમાં મંગળવારે ભારતીય જનતા પાર્ટી સંસદીય બોર્ડની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભાગ લેવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રક્ષામંત્રી રાજનાથ સિંહ સહિત ઘણા નેતા સંસદ પરિસરમાં પહોંચ્યા હતા. આ બેઠકમાં ઘણા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. આ પહેલા ૨જી જુલાઈએ સંસદીય દળની બેઠક યોજાઈ હતી જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદના બન્ને ગૃહોના અંદાજે ૩૮૦ સાંસદોના કામ માટેનો એજન્ડા નક્કી કર્યો છે.

### કાશ્મીરમાં ઘુસણખોરી ૪૩ ટકા ઘટી

કેન્દ્ર સરકારે લોકસભામાં કહ્યું છે કે જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ વિરૂદ્ધ ઝીરો ટોલરન્સની પોલિસી સફળ રહી છે. ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે કહ્યુ છે કે ૨૦૧૯માં જમ્મુ કાશ્મીરમાં બોર્ડર પારથી ઘૂસણખોરીની ઘટનાઓમાં ૪૩ ટકાનો ઘટાડો થયો છે.

# જ્યોતિરાદિત્યને કોંગ્રેસ અધ્યક્ષ બનાવવા માંગ

**સિંધિયાએ હાલમાં સચિવપદેથી રાજીનામુ આપ્યું હતું : મધ્યપ્રદેશના પાટનગર ભોપાલમાં પ્રદેશ કોંગ્રેસ પાર્ટીના કાર્યાલયની બહાર સિંધિયાના પોસ્ટર લગાવવામાં આવ્યા**

ભોપાલ, તા. ૧૦

જ્યોતિરાદિત્ય સિંધિયાને



કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવાની માગ ઉઠી છે. મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં કોંગ્રેસ પાર્ટીના કાર્યાલયની બહાર સિંધિયાને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવા માટે પોસ્ટર લગાડવામાં આવ્યા છે. આ પોસ્ટરમાં રાહુલ ગાંધીને અપીલ કરવામાં આવી છે કે સિંધિયાને રાષ્ટ્રીય નેતૃત્વની જવાબદારી આપવામાં આવે. સિંધિયાએ હારની જવાબદારી લઈ રાજીનામું આપ્યું: જ્યોતિરાદિત્ય સિંધિયાએ રવિવારે પોતાના મહાસચિવના પદ પરથી રાજીનામું આપી દીધું છે. લોકસભા ચૂંટણીમાં હારની જવાબદારી સ્વીકારતા તેમને રાજીનામું આપી દીધું છે.

રાહુલ ગાંધીના રાજીનામા બાદ દેશભરમાંથી પાર્ટીના પદાધિકારીઓના વિરોધ અને રાજીનામાનો સિલસિલો યથાવત છે. પાર્ટી પર દેખરેખ રાખવા માટે ત્રણ સભ્યોની સમિતિની રચનાઃ કોંગ્રેસે ઉત્તરપ્રદેશમાં તમામ જિલ્લા કોંગ્રેસ કમિટીઓનો પણ ભંગ કર્યો અને શિસ્ત તથા પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓની ફરિયાદોને પર દેખરેખ રાખવા માટે જૂનમાં એક ત્રણ સભ્યોની શિસ્ત સમિતિની રચના કરવામાં આવી છે.

લોકસભા ચૂંટણી પહેલા પશ્ચિમ ઉત્તરપ્રદેશના પ્રભારી બનાવાયેલા સિંધિયાએ રવિવારે ટ્વીટ કરીને કહ્યું કે, લોકોના નિર્ણયનો સ્વીકાર કરતા અને જવાબદારી લઈને મેં રાહુલ ગાંધીને છૈંઝઝ(અખિલ ભારતીય કોંગ્રેસ કમિટિ)ના મહાસચિવ પદ પરથી પોતાનું રાજીનામું સોંપી દીધું છે.

# સુકમામાં નક્સલવાદી કેમ્પ ફુંકી દેવાયુ

**છત્તિસગઢમાં નક્સલવાદીઓની સામે અભિયાનમાં સુરક્ષા દળોને મોટી સફળતા**

રાયપુર,તા. ૧૦

છત્તિસગઢના નક્સલવાદી ગ્રસ્ત સુકમા જિલ્લામાં નક્સલવાદીઓની સામે ચાલી રહેલા અભિયાનમાં મોટી સફળતા હાથ લાગી છે. અહીં અથડામણ દરમિયાન એક મહિલા નક્સલવાદી ઠાર કરી દેવાઈ છે. સમગ્ર વિસ્તારમાં હાલમાં સંયુક્ત ઓપરેશન ચાલી રહ્યુ છે. જેમાં એસટીએફ, ડીઆરજી અને સીઆરપીએફના જવાનો સામેલ થયા છે. ચિંતાગુફા વિસ્તારમાં આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. જે દરમિયાન નક્સલવાદીઓના એક કેમ્પને ફુંકી મારવામાં આવ્યુ હતુ. રાજ્યના નક્સલવાદી વિરોધી અભિયાનના પોલીસ અધિકારી સુન્દરરાજે કહ્યુ છે કે જિલ્લાના ચિંતાગુફા પોલીસ સ્ટેશન ક્ષેત્રના ડબ્બાકોન્ટા ગામમાં ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. સુરક્ષા જળોએ નક્સલવાદી છાવણીને ફુંકી મારી હતી. આ ગાળા દરમિયાન મહિલા નક્સલવાદી ઠાર થઈ હતી. આજે વહેલી પરોઢે મોટુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. જે ગાળા દરમિયાન આ વિસ્તારમાં છુપાયેલા નક્સલવાદીઓ દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. થોડાક સમય સુધી બંને વચ્ચે સામસામે ગોળીબારની રમઝટ જામી હતી. જો કે સ્થિતીનો લાભ લઈને નક્સલવાદીઓ ફરાર થઈ ગયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# ભારતીય ટીમ ફરીથી વિશ્વ વિજેતા બનશે : સટ્ટાબજાર

**ભારતીય ટીમ પર સટ્ટાબજાર દ્વારા ૨.૮નો ભાવ આપ્યો**

નવી દિલ્હી,તા. ૯

ભારતીય ક્રિકેટ ટીમ વર્લ્ડ કપ વિજેતા તરીકે રહેશે. સટ્ટાબજાર દ્વારા આ અંગેની આગાહી કરવામાં આવી ચુકી છે. સટ્ટાબજારના જોરદાર ભાવ ખુલી ગયા છે. ભારતીય ટીમને સટ્ટોડિયા ફેવરીટ ગણી રહ્યા છે. ભારત પર ૨.૮, ઈંગ્લેન્ડ માટે ત્રણ અને ઓસ્ટ્રેલિયા માટે ૩.૮નો ભાવ બોલાઈ રહ્યો છે. ન્યુઝીલેન્ડ માટે ૯.૫નો ભાવ છે.વિશ્વકપના ઈતિહાસની વાત કરવામાં આવે તો ભારતે હજુ સુધી સાત સેમિફાઈનલ મેચો રમી છે જે પૈકી ચારમાં જીત મેળવી છે જ્યારે ન્યુઝીલેન્ડે આઠ સેમિફાઈનલ મેચો રમી છે જેમાં એકમાં તેની જીત થઈ છે. જેથી ન્યુઝીલેન્ડને સેમિફાઈનલ માટેના ચોકર્સ તરીકે ગણવામાં આવે છે. ભારતીય ટીમ સાત વખત સેમિફાઈનલમાં પહોંચી છે જે પૈકી ત્રણ વખત જીત મળી છે. ૧૯૮૩, ૨૦૦૩, ૨૦૧૧માં તેની જીત થઈ છે જ્યારે ૧૯૮૭, ૧૯૯૬, ૨૦૧૫માં હાર થઈ છે. ન્યુઝીલેન્ડની ટીમ માત્ર એક વખત ૨૦૧૫માં સેમિફાઈનલમાં જીત મેળવી શકી છે. ક્રિકેટ વર્લ્ડકપમાં ૧૨માં એડિશનની મેચો ચાલી રહી છે ઓલ્ડટ્રેફર્ડ અથવા

● અનુસંધાન પાન-૭ પર

ભણતર માટે સ્કૂલમાં એડમિશન લઈ લીધું,
ઘડતર માટેની સ્કૂલમાં Admissions Open

SCHOOL OF MUSIC
પ્રવેશ માટે યોગ્યતા
૧૪ વર્ષથી વધુ વય
મંગળવાર-ગુરૂવાર

SCHOOL OF DRAWING & PAINTING
પ્રવેશ માટે યોગ્યતા
ગ્રૂપ 'A' ૮ થી ૧૪ વર્ષ અને
ગ્રૂપ 'B' ૧૪ વર્ષથી વધુ
મંગળ-બુધ-શુક્ર

SCHOOL OF ACTING
પ્રવેશ માટે યોગ્યતા
ગ્રૂપ 'A' ૮ થી ૧૪ વર્ષ અને
ગ્રૂપ 'B' ૧૪ વર્ષથી વધુ
બુધવાર-શુક્રવાર

સર્ટિફિકેટ કોર્સ
જુલાઈ થી સપ્ટેમ્બર-૨૦૧૯

સ્કૂલ ઓફ પર્સનાલિટી ડેવલોપમેન્ટના વર્ગો
તા. ૨૭-૨૮ જુલાઈ, ૨૦૧૯. તા. ૩-૪ અને તા. ૧૭-૧૮ ઓગસ્ટ, ૨૦૧૯
અને તા. ૮-૧૧-૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૯.

ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૧૩ જુલાઈ, ૨૦૧૯

ગાંધીનગર કલ્ચરલ ફોરમ

વધુ વિગતો તથા એડમિશન ફોર્મ મેળવવાનું અને પરત કરવાનું સરનામું
684/1, સેક્ટર-8, ગાંધીનગર. ફોન : 079-23222571, 23237571

PARAM

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

BUILT ON QDR TOYOTA Quality Revolution
www.toyotabharat.com



ALL NEW INNOVA CRYSTA | LUXURY MEETS POWER
SHORT TERM GAINS — Offers Like Never Before
LONG TERM PEACE OF MIND — Low Cost of Maintenance# | Long Lasting Durability# | Reliable and Quick Service# | High Resale Value^
Now available in CSD
Dual Front SRS Airbags, ABS with EBD & Pretensioner Force Limiter [PTFL] standard across all Toyota cars
UNMATCHED WARRANTY* 3 years/1,00,000 kms | TOYOTA U TRUST | TOYOTA ACCESSORIES | TOYOTA PROTECT | EXPRESS MAINTENANCE | 24X7 ROADSIDE ASSISTANCE
INFINIUM TOYOTA • Ahmedabad (S.G. Road & Naroda) • Himmatnagar • Vadodara • Rajkot • Gandhidham • Mehsana
For Sales: 98250 24230/33
For Service: 079-66041400
Log on to pointart.Mobi from your mobile browser to download the PointART. Capture the Toyota logo and experience Toyota's products and services. Accessories shown in the ad may not be part of standard equipment. Please check with Infinium Toyota for more details. TKM (manufacturer) reserves the right to change the design, specifications and colours without prior notice.*T&Cs apply.